# ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગીકી, વિભાગ, ગુજરાત સરકાર માન્ય

ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલિત કચ્છમિત્ર જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર

પ્રમુખ ડૉ.જે.જે.રાવલ,


**CSC Bhuj/STEM Quiz /74**

પ્રતિ,

તારીખ :- ૦૨-૦૧-૨૦૨૨

શ્રી જીલ્લા શીક્ષણાધીકારી સાહેબ,

જીલ્લો - કચ્છ.

<u>વિષય :- ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત સ્ટેમ ક્વીઝ કાર્યક્રમ બાબત</u>

જય વિજ્ઞાન સાથે જણાવવાનું કે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસ કરતા તમામ બાળકો માટે નવી પેઢીની નવી શરૂઆત તરીકે ગુજરાત સ્ટેમ (સાયન્સ,ટેકનોલોજી,એન્જીનીયરીંગ અને મેથેમેટિક્સ) ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત સ્ટેમ ક્વીઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ,ટેકનોલોજી,ઈજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે. આ ક્વીઝના માધ્યમથી રાજ્યના વિદ્યાર્થીઓ સ્ટેમ બાબતે ભાગ લેવામાં,જ્ઞાનમાં અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે.

૧. આ ક્વીઝ જીલ્લા અને રાજ્ય સ્તરની સ્પર્ધા ઓનલાઈન માધ્યમથી યોજવામાં આવશે. અંતિમ સ્પર્ધા ઓફલાઈન માધ્યમથી યોજવામાં આવશે. ક્વીઝની ભાષા ગુજરાતી/ અંગ્રેજી રહેશે.

૨. આ ક્વીઝમાં ગુજરાત રાજ્યના કોઈ પણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.કોઈ પણ પ્રકારની નોંધણી ફીઝ રાખવામાં આવેલ નથી.

૩. સાયન્સ ટેકનોલોજી,ઈજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વીઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.

૪. એક શાળામાંથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. ભાગ લેવા માટે https://gujcost.co.in પર ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૧૦ જાન્યુઆરી ૨૦૨૨ છે.

૫. રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીઓને સમજણ માટે સોફ્ટ કોપીમાં પ્રશ્ન બેંક પણ આપવામાં આવશે. તો ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઇ આપની શાળાના મહત્તમ બાળકો ક્વીઝ સ્પર્ધામાં ભાગ લઇ શકે અને નવી પેઢી સાથે આપનું બાળક પાછળ ના રહે તે હેતુથી રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી.

૬. <u>કચ્છ જીલ્લામાંથી ભાગ લેનાર આ ક્વીઝ વિષે વધુ માહિતી મેળવવા માટે કચ્છમિત્ર જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર પ્રવીણ મહેશ્વરી મો.૭૯૮૪૪૮૪૫૬૧, ઉપર સંપર્ક કરી શકશે.</u>

<u>ઉપરોક્ત ક્વીઝમાં કચ્છ જીલ્લાની તમામ શાળાના ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે આપ સાહેબને કચ્છ જીલ્લાની તમામ શાળાઓને પરિપત્ર દ્વારા જાણ કરવા અને આ કાર્યક્રમમાં દરેક શાળાઓ વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન કરાવે તેવી ભલામણ કરવા વિનંતી કરવામાં આવે છે.</u>

ક્રમાંક નં. ૨૦૨૧/૨૨૮ તા. ૦૩/૦૧/૨૨

લી. આપનો

પ્રવીણ મહેશ્વરી, (મો.૭૯૮૪૪૮૪૫૬૧)

કો-ઓર્ડીનેટર

કચ્છમિત્ર જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભુજ કચ્છ


<u>Administrative Office:</u> 9/A, Panchsheel Society, Sanskar Nagar, Bhuj-Kachchh – 370001 (Gujarat)

Contact: 7984484561, Email: maheshwaripravin@gmail.com, Website: www.kachchhcsc.in

<u>Registered Office:</u> B-201, Vishnu Apartment, Babhai Naka, L.T. Road, Borivali (W) Mumbai 400092

Contact: 9820990784, Email:ips.science@gmail.com, Website: www.ipsindia.org


જિલ્લા શિક્ષણાધિકારી
ભુજ-કચ્છ.

ક્રમાંક : ધ/માધ્ય/પરચ/STEM/૨૦૨૧-૨૨/૨૨૩૬૦-૬૧

કમિશનર,શાળાઓની કચેરી,

બ્લોક નં.૯/૧,ડો.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.ગાંધીનગર.

તારીખ: ૩૦/૧૨/૨૦૨૧

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય: ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આયોજિત સ્ટેમ ક્વિઝ બાબત.

સંદર્ભ : ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીનો તા.૨૩/૧૨/૨૦૨૧ નો પત્ર